# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ADD-NEW-PM--SWEARING-IN-CEREMONY.RTF

પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સવા સાત વાગે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી મોદીને તેમજ તેમના નવા મંત્રીમંડળને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

ગત શુક્રવારે, શ્રી મોદી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાના નેતૃત્વ હેઠળ, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA) પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતુ અને ભાજપ સંસદીય દળના નેતા તરીકે શ્રી મોદીનો નિયુક્તિ પત્ર અને એનડીએના ઘટક પક્ષોના સમર્થનના પત્રો પણ રાષ્ટ્રપતિને સોંપવામાં આવ્યા હતા.

આજના શપથ ગ્રહણ સમારોહ માટે ઘણા પડોશી દેશોના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યા છે. જેમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મુહમ્મદ મુઈઝ્ઝૂ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફીફ, બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને ભૂટાનના પ્રધાનમંત્રી તોબગેનો સમાવેશ થાય છે. થોડા સમય પહેલા, ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોગબે શપથ વિધિ સમારોહમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચ્યા હતા. માલદીવના રાષ્ટ્રપતિ અને મોરેશિયસના પ્રધાનમંત્રી દિલ્હી પહોંચી ચૂક્યા છે. આ સંદર્ભે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના અને સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા.

# *WEATHER*

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ રહેવાને કારણે તાપમાનમાં અશંત ઘટાડો થયો છે.

આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં છુટાછવાયા જ્યારે દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. મોડાસા શહેરમાં પણ હળવો વરસાદ થયો હતો. મોડાસા ભિલોડા પંથકમાં ગત મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદ થયો હતો. વરસાદ થતાં લોકોને ગરમીથી રાહત અનુભવાઈ હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# JAMNAGAR SAFAI

જામનગર શહેર મધ્યમાં આવેલા રણમલ તળાવમાં ગંદકી દૂર કરવા મહાનગરપાલિકા તેમજ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સામૂહિક સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

આ ગંદકી દૂરકરવા મહાનગર પાલિકા , સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સફાઇ કરવામાં આવી હતી, આ સામૂહિક અભિયાન દરમિયાન અંદાજે છ ટનથી પણ વધારે કચરો તળાવમાંથી દૂર કરવામાં આવ્યો હતો. આ અંગે જામનગર મહાનગર પાલિકામાં ઝોનલ ઓફિસર દિપક પટેલે આ મુજબ જણાવ્યું

બાઈટ : દીપક પટેલ, ઝોનલ ઓફિસર મહાનગરપાલિકા જામનગર

# AMC

મારું શહેર, મારું ગૌરવ  અભિયાનહેઠળ  આજે પશ્ચિમ ઝોનનાં ચાંદખેડા વોર્ડખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સ્ચ્છતા મેળો યોજાયો હતો.. સ્વચ્છ ભારતમિશન અંતર્ગત રિડયુસ,  રિયુઝ, રીસાયકલની થીમ ઉપર નાગરિકોમાં જનજાગૃતિ લાવવા માટે કેચ ફાઉન્ડેશન ની સહભાગીદારી થી ઝીરો વેસ્ટ મેળો 2024 યોજાયો હતો...

વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ સર્કલથી સાકાર સ્કૂલ થઈ સોના ક્રોસ રોડ થી કોટક બેન્ક ખાતે સવારેઆ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં  નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમદાવાદ શહેરને સૌથી સ્વચ્છ શહેર બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.. મોટી સંખ્યામાં અગ્રણીઓ, સમાજીક કાર્યકરો,, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં...

# ARCHARY -GODHARA

ગોધરા રમત ગમત સંકુલ ખાતે પંચમહાલ જિલ્લા રમતગમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા આયોજિત 14 વર્ષ વયજુથમાં ભાઈઓ તથા બહેનો માટેની ખેલ મહાકુંભ બે પોઈન્ટ શૂન્યની રાજ્ય કક્ષાની તીરંદાજી સ્પર્ધાનું આયોજન કરાયું છે. 8 થી 11 જૂન દરમિયાન રાજ્યકક્ષાની સ્પર્ધામાં 31 જિલ્લાના 194 ખેલાડીઓ સ્પર્ધામાં જોડાયા છે. વિજેતા ખેલાડીઓને મેડલ સર્ટિફિકેટ તથા ઇનામ આપવામાં આવશે. સાથે રાજ્ય સરકાર દ્વારા ચાલતી એકેડેમી માટે પસંદગી કરવામાં આવશે

## *VSK -BLOOD DONETION*

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘપ્રેરિત ડોક્ટર હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા આજે રાયપુર, ખાતે “જય રાધે હોટેલ”ના પ્રાંગણમા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

સિવિલ હોસ્પિટલ - અમદાવાદના બ્લડ સેન્ટર ડિપાર્ટમેન્ટ ઓફ **IHBT** ની ટીમ ઉપસ્થિતરહી હતી આ શિબિરમાં . રાયપુર વિસ્તારના નાગરિકોએ ઉત્સાહ સાથે ભાગ લીધો. આ કાર્યક્રમમાં ડૉ. હેડગેવાર સ્મારક સમિતિના ટ્રસ્ટી સહિત અનેક ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા ટ્રસ્ટને મોમેન્ટો આપવામાં આવ્યું.હતું